# સ્માર્ટ સીટીમાં ફુટપાથની હાલત ચિથરેહાલ, વોકીંગ કરતા પણ ગબડી જવાય

## કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ તંત્રના વાંકે જોખમી બની : કોર્પોરેશનના તંત્રને બધુ નવુ બનાવવામાં જ રસ છે...!! યોગ્ય માટી પુરાણના અભાવે એક વર્ષના અંતે પણ ફુટપાથ જોખમી હાલતમાં

ગાંધીનગર તા ૧૫

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. ત્યારે ગત વર્ષ દરમિયાન સેકટરોમાં હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા હજુ પણ ફુટપાથ પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. વરસાદી પાણીના નિકાલની કામગીરીના અંતે ફુટપાથ પર પાણી ફરી વળ્યુ છે. પરંતુ વોક વે ની જાળવણીમાં કોર્પોરેશનના તંત્રને રસ નથી ખાડા ખોદકામ બાદ ફુટપાથ ચિથરેહાલ બની છે સેકટરવાસીઓ પરેશાન છે. ફુટપાથના આ બિહામણા દ્રશ્યો આજકાલ સ્માર્ટ સીટીની પહેચાન બન્યા છે.

શહેરમાં ફુટપાથની હાલત અત્યંત ખરાબ છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે ખોદકામ બાદ યોગ્ય માટીપુરાણના લીધે વરસાદી દિવસોની શરૂઆતમાં ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. ગત ચોમાસા દરમિયાન પણ આવી જ સ્થિતિ હતી છેલ્લા એક વર્ષના અંતે પણ હજુ ફુટપાથ ચિથરેહાલ છે. ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. ત્યારે ફુટપાથની આ દશા કરવામાં કોર્પોરેશનનુ તંત્ર મુખ્યત્વે જવાબદાર હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. માર્ગ મકાન વિભાગે અગાઉ આ મામલે ફુટપાથના ગાબડા પુરવા માટે પણ કોર્પોરેશનને પત્ર લખી જણાંવ્યુ હતુ. પરંતુ બે વિભાગ વચ્ચે અટવાયેલી આ કામગીરીના લીધે સેકટરવાસીઓ માટે ઠેર ઠેર મોતના કુવા અસ્તિત્વમાં આવ્યા છે. સ્માર્ટ સીટીના વોક વે પર વોકિંગ કરવાનુ પણ આમ નાગરિકો માટે સલામત રહ્યુ નથી. ફુટપાથ પર કેટલાક ઠેકાણે નાના મોટા ગાબડા જોવા મળે છે. જયારે કેટલાક ઠેકાણે ફુટપાથ નીચેથી બેસી ગઈ છે. વધુમાં કપાયેલા વૃક્ષોના થડિયા પણ વોક વે પરથી દુર કરાતા નથી આટલી અડચણો વચ્ચે ફુટપાથ પર વોકીંગ કરવાનુ મુશ્કેલ બન્યુ હોવાનો રોષ ઠાલવતા શહેરીજનો પણ તંત્રની આ નિતી સામે આગ બબુલા બન્યા છે. નજર નાંખો ત્યાં



ફુટપાથ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. ફુટપાથના રીપેરીંગ મામલે પણ અગાઉ સર્વે હાથ ધરવાની તજવીજ તંત્રએ હાથ ધરી હતી.

પરંતુ હજુ સુધી શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા માટે કોઈ આયોજન થયુ નથી. શહેરમાં ફુટપાથ તુટેલી અને સાઈન બોર્ડસ પણ વિખરાયેલા જોવા મળે છે. સ્માર્ટ સીટીની હાલત છેલ્લા ઘણાં સમયથી છેવાડાના ગામડાથી પણ બદતર થઈ ગઈ છે.



શહેરમાં હજુ પણ વન આરક્ષિત જગ્યામાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો યથાવત જોવા મળી રહ્યા છે. વૃક્ષો જમીનદોસ્ત થવાના લીધે ફેન્સીંગને પણ નુકશાન થાય છે. ઘ- દોઢ પાસે ફુટપાથને અડીને સ્થિત વનવિભાગની જગ્યામાં વૃક્ષ ધરાશાયી થતા ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળે છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મેડીકલ કોલેજના મેડીસનના બે અધ્યાપકો ડૉ. શશી મુદ્રા અને ડૉ. સેશીલ પરમારની ભાવનગર મેડીકલ કોલેજ ખાતે બદલી કરવામાં આવી છે.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૪ જી.એ.એસ. કેડરના અધિકારીઓની બદલીના હુકમો ગઈકાલે મોડી સાંજે કર્યા હતા.
- કૃષિ વિભાગની વિવિધ યાંત્રીકરણ સહાયની યોજનાઓ માટે અરજીઓ માંગવામાં આવી છે. આઈ. પોર્ટલ પર ૨૫મી સુધી આ અરજીઓ કરી શકાશે.
- શેરી શિક્ષણમાં સારી કામગીરી કરનારા શિક્ષકોનું રાજ્ય સરકાર સન્માન કરશે તે અંગે પ્રા. શિક્ષણ નિયામકે જિલ્લાઓ પાસે પરિપત્ર કરી વિગતો માંગી છે.
- જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોની જમીનના મુદ્દે આજે જિલ્લા વિકાસ અધિકારીએ આરોગ્ય વિભાગ અને ટી.ડી.ઓ.ની સંયુક્ત બેઠક સવારે ૧૧.૩૦ કલાકે બોલાવી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૭૯૨૦ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં ૨૬૦૭ લોકોને અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૩૧૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- સુજલામ-સુફલામ યોજના અમલીકરણ સમિતિની બેઠક આજે જિલ્લા કલેકટર કચેરીમાં મળી હતી.
- ગાંધીનગર મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર તેમજ મનપાની વિવિધ શાખાઓની મુલાકાત લીધી હતી.
- રાજયના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરી આજે મનપાના કમિશનરો સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરશે.

# ખોરજ-ખોડીયાર બ્રિજ પર ટ્રેલર પાછળ કાર ઘુસી જતા એકનું મૃત્યુ

ગાંધીનગર-સરખેજ માર્ગ પર રાત્રીના સમયે ખોરજ-ખોડીયાર બ્રિજ પર બંધ પડેલા ટ્રેલરની પાછળ ધડાકાભેર કાર ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં ગાંધીનગર મિત્રને મુકવા માટે આવતા કાર ચાલક મિત્રનું મૃત્યુ થયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના લુણીવાવ ગામના છત્રપાલસિંહ જાડેજા એસઆરપી ગ્રુપ-૧૭ જામનગર ખાતે છેલ્લા ૨૦૦૮ થી ફરજ બજાવે છે.જયારે ગાંધીનગર ખાતે છેલ્લા બે માસથી નવા સચિવાલય ટાવર નં-૨ ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. છત્રપાલસિંહને લુણીવાવ ગામે જવાનું હોવાથી રજા લઈને તેઓ રાત્રીના સમયે ઈસ્કોન સર્કલ પહોંચ્યા હતા. ત્યારબાદ ગામના અને તેમના મિત્ર સતિષભાઈ મનસુખભાઈ હરણેશાને ફોન કરીને છત્રપાલસિંહે વતનમાં જવાની વાત કરી હતી. જેને પગલે સતિષભાઈએ કહ્યું હતું કે તમે ત્યાં ઈસ્કોન ઉભા રહો હું ગાડી લઈને ત્યાં આવુ છું. થોડા સમયમાં સતિષભાઈ ગાડી નં. જી.જે.૦૩.એલ.એન.૧૪૪૪ લઈને આવી પહોંચતા છત્રપાલસિંહે બે દિવસની રજા લીધી હોવાથી ગામડે જવાની વાત કરી હતી.જેથી સતિષભાઈએ પણ આવતીકાલે મારે પણ લુણીવાવા ખાતે જવાનું છે.જેથી સવારે બંન્ને સાથે જઈશુ. જેથી સતિષભાઈ રાત્રીના સાડા અગીયાર વાગ્યાના અરસામાં ગાંધીનગર ખાતે મિત્રને મુકવા માટે આવી રહ્યા હતા. તે સમયે ખોરજ-ખોડીયાર બ્રિજ પસાર કરતા હતા તે સમયે ગાડીની આગળ અન્ય એક ગાડી જઈ રહી હતી. સતિષભાઈ આગળ જઈ રહેલી ગાડીની ઓવરટેક કરવા જઈ રહ્યા હતા. તે સમયે ઉભી રહેલી ટ્રેલર નં. જી.જે.૧૨.વાય.-૬૬૮૩ ના પાછળના ભાગે કાર અથડાઈને ઘુસી ગઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો અને વાહનચાલકો આવી પહોચ્યા હતા. કારમાંથી ઈજાગ્રસ્ત હાલતમાં બંન્ને મિત્રોને ભારે જહેમત બાદ બહાર નીકાળ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલીક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જયા મોંઢાના ભાગે ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન સતિષભાઈનું મૃત્યુ થયુ હતું.જયારે છત્રપાલસિંહને કપાળ તેમજ આંખ નીચે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે એડમીટ કરાયા હતા.જયારે બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાદરમાં ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વિશ્વ વસ્તી સપ્તાહની ઉજવણી કરાઈ હતી.

જેમાં ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. વિદ્યાર્થીઓએ વસ્તી વધારાની અસર, વસ્તી વધારાના કારણો, વસ્તી વધારો વરદાન કે અભિશાપ વગેરે મુદ્દાઓ પર વક્તૃત્વ આપ્યુ હતુ. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે દિશા પ્રજાપતિ, દ્વિતીય નંબરે જય પંચાલ અને તૃતીય નંબરે દિનેશ રબારીએ પ્રાપ્ત કર્યો હતો. રમેશભાઈ પટેલ (સંયોજક) તથા સમગ્ર સ્ટાફ દ્વારા વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધા પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુંના સંકલન દ્વારા યોજાઈ હતી. ડૉ. દિવ્યેશ ભટ્ટે આભારદર્શન કર્યુ હતુ.

# રેલ્વે સ્ટેશન પાસે પાંચ માસની બાળકી પર ટ્રેકટરનું ટાયર ફરી વળતા મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર નવનિર્મિત ફાઈવ સ્ટાર લીલા હોટલનું ઉદ્‌ઘાટન હોવાથી પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. ત્યારે આજે બપોરના સુમારે કામ કરી રહેલા શ્રમજીવી દંપતિએ પોતાની પાંચ માસની બાળકની ખુલ્લા પ્લોટમાં સુવડાવી હતી. તે સમયે અચાનક ચાલકે ગફલતભરી રીતે ટ્રેકટર હંકારતા સુઈ રહેલી બાળકી પરથી ટ્રેકટરનું ટાયર ફરી વળતા બાળકીનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતું.

શહેરના સેકટર-૩ ડી સાંઈ બાબા મંદિર પાસે કાચા છાપરામાં રહેતા ચિરાગ સંઘાડા અને તેના ભાઈ સાથે માટી લેવલીંગનું કામ કરે છે. ચિરાગ સંઘાડાને પાંચ માસની દિકરી પ્રિયાંશી છે.છેલ્લા કેટલાક સમયથી દંપતિ ગાંધીનગરમાં મહાત્મા મંદિર પાસે નવ નિર્મિત લીલા હોટલના ગાર્ડન તેમજ ખાલી પ્લોટમાં મજુરી કામ માટે જતુ હતું. ત્યારે દંપતિ પોતાની સાથે પાંચ માસની દિકરીને કામના



સ્થળે લઈ જતા હતા. કામ કરતા સમયે પણ દંપતિ સતત દિકરીની દેખરેખ રાખી રહ્યા હતા. હોટલના ગાર્ડન માટે પ્લોટનું લેવલીંગ માટે પુરાણ સહિતની કામગીરી ચાલી રહી હતી. જેથી દંપતિએ પોતાની દિકરીને ખુલ્લા પ્લોટમાં સુવડાવી હતી. આ વિસ્તારમાં ખાસ આવન જાવન નહી હોવાથી દંપતિ નજીકમાં કામ કરી રહ્યું હતું. ત્યારે અહી કામ કરતા ટ્રેકટર ચાલકે પોતાનું ટ્રેકટર ખુલ્લા પ્લોટ તરફ હંકારતા દંપતિએ હોહા કરીને ટ્રેકટરને રોકવાની કોશિશ કરી હતી.પરંતુ પોતાની ધુનમાં ટ્રેકટર ચલાવતા ચાલકે શાંતિથી નીંદર માણી રહેલી પાચ માસની બાળકી પરથી ટ્રેકટર પસાર થઈ જતા પ્રિયાંશીનું મૃત્યુ નિપજયુ હતું. પાંચ માસની દિકરીના મૃત્યુને પગલે માતા-પિતાના હૈયાફાટ રૂદનથી સ્થળ પર હાજર સૌ કોઈની આંખો ભીની બની હતી. જયારે બનાવ બાદ ટ્રેકટરનો ચાલક નાસી ગયો હતો.જયારે બાળકીને ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાતા ડોકટર દ્વારા તેને મૃત જાહેર કરાઈ હતી.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રેકટર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ઝુંડાલ રાઘવ ફાર્મ પાસે માર્ગ પર એકટીવા પરથી પડી જતા આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર,તા.૧૫


અમદાવાદ ચાંદખેડા થી કડી નોકરી જવા માટે આધેડ નીકળ્યા હતા. તે સમયે ઝુંડાલ રાઘવફાર્મ પાસે અચાનક એકટીવા પરથી પડી જતા આધેડને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. જયા આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.બનાવ અંગે મૃતકના દિકરાએ અડાલજ પોલીસે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નિખીલ દેવકીનંદન શર્મા (ઉં.૨૧ રહે. એ ૩૦૨ આગમન હાઈટ્‌સ) ચાંદખેડા ખાતે પોતાના માતા-પિતા સાથે રહે છે અને અમદાવાદ બી.કે. કોલેજમાં એમ.બી.એ.નો અભ્યાસ કરે છે. ફરીયાદીના પિતા દેવકીનંદર (ઉં.૫૨) કડી સોમાણી ટાઈલ્સ ફેકટરીમાં ફરજ બજાવતા હતા. જયારે નોકરી જવા આવવા માટે તેઓ એકટીવાનો ઉપયોગ કરતા હતા. ગત તા.૮ જુલાઈના રોજ ફરીયાદીના પિતા દેવકીનંદન જમીને બપોરના સવા એક વાગ્યાના સુમારે એકટીવા નં. જી.જે.૦૨.સી.એમ.૬૨૫૪ લઈને કડી નોકરી જવા માટે નીકળ્યા હતા. ત્યારબાદ પોણા બે વાગ્યાના અરસામાં ફરીયાદીના પિતાના મોબાઈલમાંથી કોઈ વ્યકિતએ ફોન કરી જણાવ્યું કે ઝુંડાલ રાઘવ ફાર્મ નજીક માર્ગ પર આધેડ એકટીવા લઈને જતા હતા. ત્યારે દોઢ વાગે એકટીવા સાથે નીચે પડી ગયા હતા. તેમના માથાના ભાગે ઈજા પહોચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા માથાના ભાગે ગંભીર ઈજાને પગલે પ્રાથમિક સારવાર આપી આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ હતા. જયારે ગતરોજ બપોરના સુમારે તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. બનાવ અંગે મૃતકના દિકરાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર મધુરાયને

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સાહિત્ય અકાદમી ગુજરાતી સહિત વિવિધ ભાષામાં દર વર્ષે એક લાખનું સાહિત્ય



ગૌરવ સન્માન આપે છે. ૨૦૨૦ ના વર્ષનું ગુજરાતી સાહિત્યમાં મહત્વના પ્રદાન માટે જાણીતા વાર્તાકાર, નાટ્યકાર અને આંતરરાષ્ટ્રીય સ્તરે લેખન કાર્યમાં પ્રવૃત્ત મધુ રાયને ગૌરવ સન્માન જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં જન્મેલા મધુસુધન ઠાકર (મધુ રાય)ની સાહિત્યિક પ્રવિત્તિનો વિકાસ કોલકત્તામાં થયો અને ત્યાર પછી એમણે વિદેશ વાસ સ્વીકાર્યો છે. નાટક, વાર્તા, નિબંધ, ફિલ્મ અને સિરિયલ ક્ષેત્રે તેમનું નામ અત્યંત જાણીતું છે. અગાઉ તેમણે એક સાપ્તાહિકનું સંપાદન કર્યું હતું અને હવે મમતા વાર્તા માસિક ચલાવે છે. નાટ્યક્ષેત્રે તેમના પ્રયોગો અત્યંત જાણીતા બન્યા હતા. કેતન મહેતા અને અન્ય નિર્માતાઓએ તેમની વાર્તા, નવલકથા પરથી ફિલ્મ અને સિરિયલ બનાવી હતી.

અન્ય ભાષામાં આપાયેલા પણ પરિતોષિકો અપાયા છે. જેમાં યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૯ (ગુજરાતી) - પ્રશાંત પટેલ, યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૨૦ (ગુજરાતી) રીંકુ રાઠોડ, યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૯ (સંસ્કૃત)- સુશ્રી રાજવી ઓઝા, વેદ-શાસ્ત્ર પંડિત સન્માન-૨૦૨૦ (સંસ્કૃત) - ગોવિન્દભાઈ એન. ત્રિવેદી- (ઋગ્વેદ), ડૉ. જયદેવ અરુણોદય જાની (શુક્લ યજુર્વેદ) સંસ્કૃત કુટુંબ સન્માન-૨૦૨૦ (સંસ્કૃત) - સુશ્રી પ્રિયંકા દ્વિવેદી, અમદાવાદ અને સંસ્કૃત સેવા સન્માન- ૨૦૨૦ (સંસ્કૃત) - અખિલેશ આચાર્ય, કચ્છનો સમાવેશ થાય છે.



ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા પર જાહેરતના પેમ્ફલેટસ ચિપકેલા છે. જેના લીધે અજવાળુ પાથરતા પોલ્સ જાહેરાતનુ માધ્યમ બન્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં કંગાળ અને જોખમી થાંભલા બદલવા માટે પણ સેકટરવાસીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના ઘ-૩ થી ખ-૩ તરફ જતા માર્ગ પર સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ થાંભલાઓને રંગરોગાન થાય તેવો સુર ઉઠવા પામ્યો છે.

# રાજ્યમાં ગુજકેટની પરીક્ષા છ ઓગસ્ટે યોજાશે

## એન્જિનીયરીંગ જેવા અભ્યાસક્રમ માટે ગુજકેટ ફરજીયાત : એ,બી અને એબી ગ્રુપના એચએસસી વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે

ગાંધીનગર, તા.૧૫

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાની તારીખની જાહેરાત કરવામાં આવી છે. ૬ ઓગસ્ટના રોજ ગુજકેટની પરીક્ષાઓ લેવાશે. આ પરીક્ષાનો સમય ૧૦ થી સાંજે ૪ વાગ્યા સુધીનો રહેશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનીયરીંગ જેવા અભ્યાસક્રમ માટે ગુજકેટ ફરજીયાત છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડીગ્રી એન્જિનિયરિંગ, ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા એ,બી. અને એબી ગ્રુપના એચએસસી વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજકેટ ની પરીક્ષા લેવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાં આજથી ધોરણ ૧૦ અને ૧૨ ના રિપીટર, ખાનગી અને પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિત આજે રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાઈ રહી છે. ત્યારે કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે વિદ્યાર્થીઓને ક્લાસરૂમમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# પહેલાં સો ટકા રસીકરણ થાય પછી જ મનપાની ચૂંટણીઓ યોજવા અભિયાન છેડાયું

## ‘ગાંધીનગર ચમકાવવું છે’ ગ્રુપ દ્વારા મહામારીની સંભવિત ત્રીજી લહેરને પગલે ટ્વિટરના માધ્યમથી અભિયાન છેડ્યું : ચૂંટણી કરતાં નાગરિકોના જીવ અને સ્વાસ્થ્યની સલામતી વધુ અગત્યની હોવાનો જીસીસીનો મત

ગાંધીનગર તા. ૧૫

કોરોના મહામારીની બીજી લહેરે ભારે આતંક મચાવ્યો હતો જેનાથી નાગરિકો હજુ પણ ભયભીત છે અને હવે કોરોના મહામારીની ત્રીજી લહેર પણ આવી રહી હોવાની નિષ્ણાતોએ આગાહી કરી રહ્યાં છે. કોરોના મહામારીની બીજી લહેરના કારણે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થયા અને પ્રચાર કાર્ય શરૂ થઈ ગયા પછી વચ્ચેથી મુલતવી રાખવી પડી હતી પરંતુ અત્યારે જ્યારે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા નહિવત થઈ જવા પામી છે ત્યારે તંત્ર દ્વારા મનપાની ચૂંટણીઓ યોજવાની હિલચાલ પ્રયાસ કરી રહ્યા હોવાના સમાચારો માધ્યમોમાં પ્રકાશિત થઈ રહ્યાં છે. જોકે શહેરના નાગરિકો હજુ પણ માનસિક રીતે ચૂંટણી માટે તૈયાર નથી જેના કારણે નજીકના સમયમાં ચૂંટણીઓ યોજાય તો તેના પ્રચાર કાર્યમાં યોજાનારી રેલીઓ તેમજ સભાઓ વગેરેમાં ભીડથી કોરોના મહામારીની ત્રીજી લહેર ઝડપથી આવશે તેવા ભય નાગરિકોને સતાવી રહ્યો છે ત્યારે શહેરના ×ગાંધીનગર ચમકાવવું છે× ગ્રુપ દ્વારા જ્યાં સુધી શહેરમાં સો ટકા રસીકરણ સંપન્ન ન થાય ત્યાં સુધી ચૂંટણીઓ યોજવી નહીં તેવો જનમત ઉભો કરવા સોશ્યલ મીડિયા થકી અભિયાન છેડવામાં આવ્યું છે.

મહામારીની બીજી લહેર પછી સૌ કોઈને આ ઘાતક મહામારીથી બચાવવા માટે રસીકરણ એકમાત્ર ઉપાય હોવાનું સમજાઈ ગયું છે અને હવે નાગરિકો કોરોના પ્રતિરોધક વેક્સિન લેવા માટે રસીકરણ કેન્દ્રો પર લાઈનો લગાડી રહ્યાં છે પરંતુ તંત્ર દ્વારા વેક્સિનનો પુરતો જથ્થો ઉપલબ્ધ ના કરાવી શકવાને કારણે વેક્સિનેશન અભિયાન ધીમું પડી રહ્યું છે. બીજી તરફ રાજકીય વર્તુળોમાં મનપાની ચૂંટણીઓ નજીકમાં યોજાવાની હિલચાલને કારણે નાગરિકોમાં ફડક પેસી ગઈ છે કે જો ચૂંટણીઓની તારીખ જાહેર થશે તો ફરીથી રેલીઓ અને સભાઓ થકી ભીડ જામશે અને ઝડપથી કોરોનાની ત્રીજી લહેર ત્રાટકશે. આ સ્થિતિમાં ત્રીજી લહેરથી બચવા માટે નાગરિકો પોતાનાં બાળકો સહિત સમગ્ર પરિવારનું રસીકરણ ઝડપથી થઈ જાય તેવું ઈચ્છી રહ્યાં છે. આ સ્થિતીમાં જીસીસી ગ્રુપ દ્વારા ટ્વિટરના માધ્યમથી ‘પહેલાં સો ટકા રસીકરણ પછી જ ચૂંટણી’ અભિયાન છેડવામાં આવ્યું છે જેનો હેતુ ગાંધીનગરની જનતાને કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરથી બચાવવાનું છે. જીસીસી ગ્રુપનું કહેવું છે કે ‘લોકશાહીમાં ચૂંટણીનું મહત્ત્વ ખૂબ જ અગત્યનું છે પરંતુ અત્યારે નાગરિકો માટે ચૂંટણી કરતાં તેમના જીવન અને તેમના સ્વાસ્થ્યની સલામતી સૌથી અગત્યની છે, જો ચૂંટણીઓ તદન ભયમુક્ત અને સો ટકા રસીકરણ સાથેના વાતાવરણમાં યોજાશે તો તમામ નાગરિકો તેમાં નિર્ભયતાથી જોડાઈ શકશે અને પોતાનો મત આપી લોકશાહીને વધુ તંદુરસ્ત અને મજબૂત બનાવી શકશે’.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં : ૪ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર બાંધકામ વિભાગ, હિંમતનગર દ્વારા નોંધાયેલ ઠેકેદારો પાસેથી હિંમતનગર / તલોદ / ઈડર પેટા વિભાગના કુલ-૪ કામની અંદાજીત કિંમત રૂ. ૫.૦૦ લાખની મર્યાદામાં જુદી જુદી જુથ યોજના અન્વયે ઈલેક્ટ્રીફીકેશન રીપેરીંગ કરવાનું તેમજ સંપ રીપેરીંગ પંપ રૂમ રક્ષાત્મક દિવાલ રીપેરીંગ કરવાના કામ માટે ઉત્પાદક / ઓથોરાઈઝ ડિલર તેમજ ઈ-૨ કે ઉપરના નોંધાયેલા પાસેતી ફક્ત રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી બંધ કવરમાં ભાવો કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર ૩૮૩૦૦૧ (ફોન નં. ૯૯૭૮૪૦૬૯૪૩), જી. સાબરકાંઠા દ્વારા ઓફલાઈન માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૨/૭/૨૦૨૧ છે. જ્યારે ટેન્ડરો પરત લેવાની છેલ્લી તારીખ ૨૯/૭/૨૦૨૧ રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડર કોઈપણ પ્રકારનું કારણ આપ્યા વગર રદ કરવાનો કાર્યપાલક ઈજનેરશ્રી અબાધિત અધિકાર રહેશે. આ જાહેરખબરની વધુ વિગત કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૨૦૨/૨૦૨૧

**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
**જાહેર નિવિદા**
**જાહેરાત ક્રમાંક : ૦૫-૨૦૨૧-૨૦૨૨**

કાર્યપાલક ઈજનેર (સી) યુનીટ-૨ (સુજલામ સુફલામ) બીજે માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૩૬૭૧૨ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં અને / અથવા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માગવામાં આવે છે.

(૧) મોઢેરા ધરોઈ યોજનાની ચેઈનેઝ ૪૫૩૦ મીટરે નવીન સ્કાવર વાલ્વ મુકી મોજે-વાલમ ગામના સીમ તળાવ (સર્વે નં.૮૯૧)ને ૨૮૦ મીમી ડાયાની એચ.ડી.પી.ઈ. પાઈપથી જોડવાની કામગીરી
(૨) અંદાજીત રકમ : રૂ. ૫૧,૩૩,૨૯૦/-
(૩) ઈજારદારનો વર્ગ તથા ટેન્ડર ફી : ડી અથવા ઉપર રૂ. ૨૪૦૦/-
(૪) ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૯/૭/૨૦૨૧. ૧૮.૦૦ કલાક સુધી
(૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાજેવો ફીજીકલી કચેરીમાં રજૂ કરવાની તારીખ : ૩૦/૭/૨૦૨૧ થી તા. ૬/૮/૨૦૨૧ (કચેરી સમય દરમિયાન) ફક્ત સ્પીડ પોસ્ટ / આર.પી.એ.ડી.થી.

બાનાની રકમની મુદત ૧૮૦ દિવસની હોવી જોઈએ અન્યથા ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહીં. EMD Exemption Certificate સ્વીકારવામાં આવશેનહીં. ઈજારદારે ગુજરાત રાજ્યમાં તતા રાજ્ય બહારના તેમના હસ્તકના તમામ હાથ પરના કામોની યાદી એનેક્ષર-૧ પ્રમાણે આપવાની રહેશે. તદઉપરાંત એનેક્ષર-૨ પ્રમાણે રૂ. ૧૦૦ના સ્ટેમ્પપેપર પર નોટરાઈઝ કરેલ સોગંદનામા સહિત બિડવાનું રહેશે. વધુ વિગતો નિગમ / સરકારીશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in અથવા www.statetenders.com અને www.gwrdc.nprocure.com મારફતે જોઈ શકાશે તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૬૩૪/૨૧-૨૨